જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૨/૨૦૧૯ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૨/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૪૭૨ લીટર દેશી દારૂ, ૮૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૬ બિયર ટીન અને ૦૨ રીક્ષા કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૯,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૫૩/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૫૪/૧૯

**મેઘાણીનગર** : સચિનભાઇ કિશનભાઇ પટણી (ઉ.વ.૧૯)(રહે.ગુ.હા.બોર્ડ છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૨/૧૯ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે મેઘાણીનગર મીના બજાર ખાતે સચિનભાઇ ખરીદી કરવા ગયેલ હતા દરમ્યાન એક ઇસમ (૨૫ વર્ષના આશરાનો) એક્ટીવા લઇને આવેલ. જેણે સચિનભાઇ ને એક લાખ રૂપીયાનું બંડલ બતાવી, પચાસ હજાર રૂપિયા આપવાની લાલચ આપી, એક્ટીવા ઉપર બેસાડી પુજા હોસ્પીટલ તરફ લઇ જઇ, સચિનભાઇને વિશ્વાસમા લઇ તેમની ચાંદીની લકી કિંમત રૂપિયા ૩,૦૦૦/-, સોનાની ડોડી કિંમત રૂપિયા ૪,૦૦૦/- તથા મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૨,૦૦૦/- ની મતા મેળવી લઇ, રૂમાલમા પૈસા છે તેમ કહી નાસી જઇ, રૂમાલમાં કાળા કવરમા ત્રણ ડાયરી આપી સચિનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.જી.ઠાકોર ચલાવે છે.

**બાપુનગર** : ડો.અમીતભાઇ પ્રવિણકુમાર નાયક (ઉ.વ.૩૮)(રહે.અમી ક્લીનીક બ્લોક નંબર-૬૫૯ ગુજરાત હાઉસિંગ બોર્ડ ૧૩૭ ના બસ સ્ટેન્ડ પાસે બાપુનગર) એ તા.૦૭/૦૨/૨૦૧૯ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મે/૨૦૧૮ થી તા.૧૬/૦૭/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ડૉ.અમીતભાઇની પત્ની ડો.મીનાક્ષીબહેન અમીતભાઇ નાયક (રહે.બ્લોક.નં. ૫૪૯/૩૪૦૪ ગુજરાત હાઉસિંગ બોર્ડ બાપુનગર) એ અમીતભાઇ ને એક જુની સ્વીફ્ટ કાર ખરીદવા માટે લોનની જરૂર હોઇ, પતિ-પત્નિ ના સંયુક્ત દસ્તાવેજ જમા કરાવી લોન કરેલ. જે લોનના હપ્તા અમીતભાઇએ ચુકવેલ હતા બાદમા ઉપરોક્ત ગાડી અમીતભાઇ વેચી દેવા માંગતા હોઇ R.T.O માં આ ગાડી પત્નિના નામે રજીસ્ટેશન હોઈ, આ ગાડી વેચવા માટે T.T.O ફોર્મમા પત્ની ની સહી લેવા સારૂ અમીતભાઇએ પત્નિ મીનાક્ષીબહેન ને રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/- આપ્યા હોવા છતા, ગાડી કોઈના નામે ટ્રાન્સફર ન કરવાની વાંધા અરજી આપી, ડૉ.અમીતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.રાઠોડ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૫૫/૧૯**

**સોલા હાઈકોર્ટઃ** મનોજભાઈ કાંતીભાઈ પટેલ (રહે. આર્યવૃંદ ફ્લેટ રત્નમ બંગ્લોઝ સામે પાણીની ટાકી વાળી ગલીમાં સાયન્સ સીટી રોડ સોલા) એ તા.૫/૨/૧૯ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૨/૧૯ સવારના ૯/૦૦ થી તા.૨/૨/૧૯ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કબાટમાંથી રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**વસ્ત્રાપુર** : હરેશભાઇ બાબુલાલ મોદી (રહે,શ્યામ સુંદર રો હાઉસ માનવ મંદિર ની પાછળ મેમનગર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૨/૧૯ રાતના ૯/૩૦ થી તા.૦૭/૦૨/૧૯ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગુરૂકુળ રોડ ખાતે આવેલ શ્રીજી કોમ્પ્લેક્ષમા દુકાન નંબર-૧૧ “હરેશ દુધીયા” નામની દુકાનનું શટર તોડી, અજાણી વ્યક્તિ અંદર પ્રવેશ કરી, દુકાનમાંથી કુલ રોકડ રૂપિયા ૨૨,૩૭૫/-ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**સરખેજ** : જયેશભાઈ વ્રજલાલ મોદી (રહે.કાશી પારેખ ફ્લેટ પંચશીલ ઉસ્માનપુરા નારણપુરા) એ તા.૭/૨/૧૯ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૨/૧૯ સાંજના ૬/૦૦ થી તા.૦૬/૦૨/૧૯ કલાક ૯/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ-સાણંદ શાંતિપુરા રોડ મહારાજા એસ્ટેટ “વજુભાઈ એેન્ડ સન્સ” નામની મશીનરી સ્પેરપાર્ટર્સ ની હોલસેલની દુકાનના શટરનું લોક તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, મશીનરી તથા હાર્ડવેરના સાધનો તથા મટીરીયલ મળી કુલ રૂપિયા ૩,૨૪,૬૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

**નરોડા** : ઉમાશંકરલાલ રામજનમલાલ શ્રીવાસ્તવ (રહે.ગાયત્રી ગ્રીન ફ્લેટ રાઘવ બંગલોઝ પાછળ વિઠ્ઠલ પ્લાઝા ની પાછળ હંસપુરા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૨/૧૯ ના કલાક ૩/૨૫ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, બેડરૂમના લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપીયા અને અન્ય ચીજવસ્તુઓ મળી કુલ રૂપિયા ૧,૩૨,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.વી.સોલંકી ચલાવે છે.

**<u>સોનાની કંઠી ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૬/૧૯</u>**

**ઘાટલોડીયા** : ઉષાબહેન જયમંતભાઇ શાહ (ઉ.વ.૫૮)(રહે.સ્વામિશરણ ફલેટ રામવાડી બસ સ્ટેન્ડની બાજુમાં ઇસનપુર) એ તા.૭/૨/૧૯ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૧૯ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે નારણપુરા મંગલમુર્તી એપાર્ટમેન્ટ ના ગેટ નંબર.૧ આગળથી ઉષાબહેન તેમના પુત્ર સાથે એક્ટીવા ઉપર પસાર થતા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઉષાબહેન ના ગળામાંથી સોનાની કંઠી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મતાની ખેંચી તોડી લઈ નાસી ગયા હતા આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.પરમાર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૭/૧૯</u>**

**ઘાટલોડીયાઃ** મોહનભાઇ ભગીરથભાઇ રજવાણીયા (ઉ.વ.૬૫) (રહે. કદમ ટેનામેન્ટ ઘાટલોડીયા) એ બીમારીથી કંટાળી તા.૫/૨/૧૯ રાતના સમયે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને ઝાયડસ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૭/૨/૧૯ કલાક ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ અભેસિહ ચલાવે છે.

**બાપુનગરઃ** રજનીકાંત મનુપ્રસાદ દવે (ઉ.વ.૪૨) (રહે. વીરાભગતની ચાલી અન્નપુર્ણા મંદિર સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૭/૨/૧૯ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં લોખંડની પાઈપ સાથે કપડાની પાટી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.રાઠોડ ચલાવે છે.

**ઓઢવઃ** રોહિત હરગોવિંદભાઇ ગુપ્તા (ઉ.વ.૨૭) (રહે. સમીરનગર મહેશ્વરી વિભાગ-૨ તક્ષશીલા સ્કુલ રોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૭/૨/૧૯ બપોરના ૨/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાહુલભાઇ ચેતનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.